# શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળાથી ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શાકભાજીના ભાવ આસમાને આવતા ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે. શાકભાજીના ભાવોમાં ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓને પરસેવો છોડાવી દીધો હોવાનું જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું. શાકભાજીના ભાવોમાં ધરખમ ભાવ વધારો આવતા અંદાજીત ૩૦ થી ૪૦ ટકા સુધીનો શાકભાજીના ભાવમાં ઉછાળો આવેલ છે. શાકભાજીના પાકમાં ઉતારો ઓછો આવતો હોવાના કારણે શાકભાજીના ભાવોમાં ધરખમ તેજી જોવા મળેલ હોવાનું વેપારીઓ ધ્વારા જાણવા મળેલ છે. શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી. હોલસેલ તેમજ રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળતા હોય છે. કાળઝાળ અસહ્ય મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે. શાકભાજીના ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક મેશ્કેલીમાં મુકાયો છે. ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે ત્યારે એકા-એક શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા મધ્યમ વર્ગના પ્રજાજનો મુશ્કેલીમાં મુકાયા છે. શાકભાજી માર્કેટમાં લારીઓ ઉપર ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ બાબતે રકઝક કરતી હોય છે. ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે. ઘઉં, ચોખા, મકાઈ, અળદ, મગ, ચણા તેમજ તુવેરના ભાવ આસમાને પહોંચ્યા છે ત્યારે ઓછી આવકમાં ઘર ચલાવતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની હાલત ખરાબ છે.



અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજી તેમજ ફ્રુટના ઉંચામાં ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યું હતું. ખાદ્ય ચીજવસ્તુઓનો પુરવઠો ઓછા આવતો હોય ત્યારે ગ્રાહકોની માંગનું પ્રમાણ એકસરખુ રહેવાથી શાકભાજી તેમજ ફ્રુટના ભાવોમાં એકા-એક કૃત્રીમ ઉછાળો આવ્યો હશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

ભિલોડા ટાઉન મીની પોલીસ ચોકી, મઉં ચાર રસ્તા પાસે શાકભાજી માર્કેટ આવેલ છે.શાકભાજી માર્કેટમાં અંદાજીત ૧૦૦ થી વધુ શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે. અમુક શાકભાજી વેચતા વેપારીઓ એવા છે કે પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય ત્યારે વજનમાં ગેરરીતી કરતા હશે તેમ લોકમુખે પણ ચર્ચાય છે. લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી કરવા ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.

# દાંતીવાડા તાલુકામાં NSUI યુથ સમિતિ દ્વારા બાઈક રેલીનું આયોજન કરાયું

દાંતીવાડા તાલુકામાં આવેલ ડાંગીયા ગામથી લઈને દાંતીવાડા ગામ સુધી NSUI યુથ સમિતિ અને



કોંગ્રેસ યુથ સમિતિના સહકારથી કરમશી રબારી પ્રદેશ NSUI નેતાની આગેવાની હેઠળ સમગ્ર બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું આ બાઈક રેલીમાં મુખ્ય મહેમાનમાં કિસાનસંઘ પ્રમુખ કોંગ્રેસ નાથાભાઈ પટેલ, દાંતીવાડા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નટવરસિંહ વાઘેલા, જિલ્લા NSUI પ્રમુખ નીતિનભાઈ પટેલ, યુથ કોંગ્રેસ પ્રમુખ ધાનેરા હરચંદભાઈ ભાઈ રબારી, NSUI ધાનેરા વિધાનસભા પ્રમુખ અનિલભાઈ રબારી, પ્રમુખ વિધાનસભા દિયોદર યુથ કોંગ્રેસ શુરેશભાઈ રબારી, મહામંત્રી યુવક કોંગ્રેસ ધાનેરા નયનભાઈ જોષી, નાંદોત્રા બ્રાહ્મણવાસ સરપંચ અશોકભાઈ ભોજાણી તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ તેમજ આ રેલી દરમ્યાન નાથાભાઈ પટેલ તેમજ નટવરસિંહ વાઘેલા દ્વારા ભાજપ સરકાર પર આક્ષેપો કરવામાં આવ્યા તેમજ વિદ્યાર્થીઓ અને ખેડૂતો ને ન્યાય અપાવા અમે બનતા પ્રયત્નો કરીશું તેવું કહેવામાં આવેલ અને નાંદોત્રા બ્રાહ્મણવાસ સરપંચ અશોકભાઈ ભોજાણી દ્વારા કહેવામાં આવેલ કે ભાજપ સરકાર દ્વારા દાંતીવાડા ડેમમાં નર્મદાના ના પાણીનો પ્લાન્ટ નાખી ફક્ત ફક્ત સોનાનો સુરજ બતાવેલ પરંતુ દાંતીવાડા ડેમ માં પાણીનું ટીપું પણ નાખવામાં નથી આવી રહ્યું તેમજ સરદાર કૃષિનગર એગ્રિકલચર યુનિવર્સીટીના વીસી પર પણ આકરા પ્રહારો કરવામાં આવ્યા કે વીસી સાહેબ પોતાની ભ્રષ્ટનિતી બંધ કરે આમ આ સમગ્ર બાઈક રેલીનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓ અને ખેડૂતોને થતા અન્યાય સામે યોજાવમાં આવેલ છે તેવું કરમશી રબારી પ્રદેશ NSUI નેતા દ્વારા જણાવેલ અને આ બાઈકરેલીમાં અંદાજિત ૧૦૦ થી ૧૨૦ બાઈક સવારો જોડાયેલ અને આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દાંતીવાડા પોલીસ ચુસ્ત બંધોબસ્તમાં જોવા મળેલ.

# ભુવાના કહેવાથી આઈસીયુમાં અગરબત્તી કરતા દાઝી ગયેલી મહિલાનું મૃત્યું

ગાંધીનગર, તા.૧૩

આજના આધુનિક યુગમાં પણ નાગરીકોના મનમાંથી અંધશ્રધ્ધા હટવાનું નામ લેતી નથી જેને પગલે ભુવા ભોપાળાઓની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમે છે. ગામડાની ભોળી પ્રજાને અંધશ્રધ્ધામાં રાખીને પોતાના ખીસ્સા ભરવાનું કામ કરતા ભુવાઓની અછત નથી. ત્યારે સમાજના કહેવાતા આ ભુવાઓના કારણે કેટલાક નાગરીકોના જીવ પણ જોખમાઈ રહ્યા છે. ત્યારે તાજેતરમાં જ ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં પણ આવો એક વિચિત્ર કિસ્સો બનવા પામ્યો હતો. જેમાં ગાંધીનગર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી મહિલા દર્દીના સ્નેહીજને ભુવાએ કહ્યા પ્રમાણે તેમના માથા પર અગરબત્તી ફેરવતા મોં પર ઓકસીજન માસ્ક હોવાથી અચાનક આગ પકડી લીધી હતી. જેને પગલે મહિલા દર્દીનો મોં પરનો કેટલોક ભાગ દાઝી જવા પામ્યો હતો. આ મહિલા છેલ્લા કેટલાક દિવસથી ફેફસા અને હદય સંબંધિત બિમારી સહિત દાઝી ગઈ હોવાથી સારવાર હેઠળ હતી ત્યારે આજે સારવાર દરમિયાન આ મહિલાનું મૃત્યુ નિપજયુ છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પંદર દિવસથી ' હદય તેમજ ફેફસા સબંધિત બિમારીના કારણે તલોદ તાલુકાના તાજપુરકુઈ ગામની મહિલા આનંદીબેન રાવળ ઉ.૪૦ ને દાખલ કરવામાં આવ્યા હતા. આ મહિલા આઈસીયુ વોર્ડમાં સારવાર હેઠળ હતી. પરંતુ પરિવારજનોને ચેઈન ન પડતા કોઈક ભુવાની વ્હારે ગયા હતા. જેથી ભુવાએ નડતર છે બધુ ઠીક થઈ જશે, મહિલા દર્દીના માથા પર અગરબત્તી ફેરવી દેજો, તેમ કહેતા દર્દીના સ્નેહીજને ભુવાની આજ્ઞાનું પાલન કરવા આઈસીયુ વોર્ડમાં મહિલા પાસે અગરબતી સળગાવતા અચાનક મહિલાના મોં પર ઓકસીજન માસ્ક લગાવેલ હોવાથી આગ પકડી લીધી હતી. આગ લાગતા મહિલાનો ચહેરો પણ થોડો દાઝી ગયો હતો. મહિલા બિમારીનો સામનો કરી રહી હતી તેમાં નવી ઉપાધી આવી પડતા તેની હાલત કફોડી બની જવા પામી હતી. છેલ્લા પંદર દિવસથી મહિલા હોસ્પિટલમાં એડમીટ હતી અને સારવાર ચાલી રહી હતી. પરંતુ આજે સવારના સુમારે સારવાર દરમિયાન મહિલાનું મોત નિપજયું છે.



## ભિલોડા તાલુકાના પાલ્લા હાઈસ્કુલમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામની આર.એચ. પટેલ હાઈસ્કુલમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો હતો.પાલ્લા આર.એચ. પટેલ હાઈસ્કુલમાં ધોરણ.૯ માં પ્રવેશ મેળવતા ૧૩૦ વિદ્યાર્થીઓને કુંમ-કુંમ તીલક કરી ગોળા ધાણા ખવડાવી મોં મીઠું કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીની કુ.પ્રિયંકા વૈષ્ણવે કર્યુ હતું. પ્રવેશોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા આર.એચ. પટેલ હાઈસ્કુલ, પાલ્લા સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ચેરમેનની જિલ્લાના સફાઈ કામદારો સાથે બેઠક યોજાઈ

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના ચેરમેન મનહર ઝાલાએ આજરોજ ગાંધીનગર જિલ્લાના સફાઈ કામદારોની મુલાકાત ગાંધીનગર કલેક્ટર કચેરીના સમિતિમાંખંડમાં કરી હતી. આ બેઠકમાં ગાંધીનગર મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના સફાઈ કામદારો દ્વારા પોતાના વિવિધ પ્રશ્નો અને મુશ્કેલી અંગેની રજૂઆત મનહર ઝાલા સમક્ષ કરવામાં આવી હતી. ત્યારબાદ આયોગના ચેરમેન મનહર ઝાલાએ સેક્ટર-૨૪માં આવેલા ઈન્દિરા આવાસની મુલાકાત લીધી હતી. કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીશ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર ડી.એન. મોદી, ડેપ્યુટી કમિશનર બારીયા સહિત સંબંધિત અધિકારીઓ અને સફાઈ કામદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યના નવા મહેસૂલ સચિવ તરીકે પંકજકુમાર, આરોગ્ય કમિશનર તરીકે જયંતિ રવિ મૂકાયા

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે સચિવાલય કક્ષાએ ૧૨ જેટલા ઉચ્ચ સનદી અધિકારીઓની બદલી કરી છે. જેમાં મહેસૂલ સચિવ તરીકે પંકજકુમારની અને આરોગ્ય કમિશનર તરીકે જયંતિ રવિની નિમણૂક કરી છે. રાજ્યના નવા આરોગ્ય સચિવ તરીકે પી. કે. પરમારની નિયુક્તી કરાઈ છે. માહિતી નિયામક એ. જે. શાહને રાહત કમિશનર તરીકે નિમવામાં આવ્યા છે. જ્યારે માહિતી નિયામક તરીકે વધારાનો હવાલો નલિન ઉપાધ્યાયને સોંપવામાં આવ્યો છે.

| અધિકારીનું નામ | હાલની જગ્યા | નવી જગ્યા |
|---|---|---|
| પંકજકુમાર | અગ્ર સચિવ, આરોગ્ય | અગ્ર સચિવ, મહેસૂલ |
| મુકેશ પુરી | અગ્રસચવિ, નર્મદા પાણી પુરવઠા | અગ્ર સચિવ, શહેરી વિકાસ વિભાગ |
| મિલિન્દ તોરવણે | સચિવ, શહેરી વિકાસ | સચિવ, નાણાં વિભાગ (ખર્ચ) |
| સંજીવકુમાર | સચિવ, નાણાં વિભાગ (ખર્ચ) | સચિવ, નાણાં વિભાગ |
| પૂનચંદ પરમાર | અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ વિભાગ | અધિક મુખ્ય સચિવ આરોગ્ય |
| જે. પી. ગુપ્તા | કમિશનર, આરોગ્ય | સચિવ, નર્મદા - પાણી પુરવઠો |
| જયંતિ રવિ | કમિશનર, ગ્રામ વિકાસ | કમિશનર, આરોગ્ય |
| મોના ખંધાર | સચિવ, નાણા વિભાગ (આર્થિક) | કમિશનક, ગ્રામ વિકાસ |
| એ. જે. શાહ | નિયામક, માહિતી ખાતુ | સંયુક્ત સચિવ, રાહત કમિશનર |
| એન. બી. ઉપાધ્યાય | રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ | વધારાનો ચાર્જ માહિતી નિયામક તરીકે |
| સી. વી. સોમ | મેને. ડિરેક્ટર, નાગરિક પુરવઠા નિગમ | સચિવ, શહેરી હાઉસીંગ (નિર્મલ ગુજરાત) |
| મનીસ ભારદ્વાજ | કમિશનર, રાહત અને સચિવ મહેસૂલ | મેને. ડિરેક્ટર, નાગરિક પુરવઠા નિગમ |

# અરવલ્લી કોંગ્રેસ દ્વારા કેતન પટેલના અપમૃત્યુ મામલે આવેદનપત્ર

અરવલ્લી, તા.૧૩

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં ૨૯ વર્ષીય યુવકના મૃત્યુ મામલે જવાબદારો સામે હત્યાનો ગુન્હો નોંધવા અને જવાબદારો સામે ૩૦૨ની કલમ તેમજ ધરપકડ કરવા તેમજ આ કેસમાં સીબીઆઈ દ્વારા તટસ્થ તપાસની માંગ કરવા સાથે જિલ્લા કલેક્ટરને પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરની આગેવાની હેઠળ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ૫ જૂન ૨૦૧૭ના રોજ પોલીસ દ્વારા અમાનવીય અત્યાચારના કારણે પોલીસ કસ્ટડીમાં કેતન મહેન્દ્રભાઈ પટેલના મોતના મામલે જણાવવાનુ કે માનવ અધિકારોનુ સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. ૩જી જૂનના કેતન પટેલને બેરહેમીપૂર્વક ક્રૂર રીતે મારવામાં આવ્યા બાદ પાછળથી ચોરીની એફઆઈઆર નોંધવામાં આવી હતી. ૫મી જૂને રાત્રે ૧૦ વાગે પાટીદાર યુવકનુ મોત નિપજવા છતા બે દિવસ બાદનો સમય યેનકેન પ્રકારે બગાડી ૭મી જૂને પીએમ કરવામાં આવ્યુ હતુ. જેમાં તમામ ઈજાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો તેમજ મૃત્યુનુ કારણ દર્શાવવામાં આવ્યુ નહોતુ. પરિવારજનોની માંગ પ્રમાણે બીજીવાર પોસ્ટમોર્ટમ કર્યા બાદ પીએમની વીડીયો સીડી મૃતકના પરિવારજનોને સોંપવામાં આવી નથી.



આ મામલે ભાજપા સરકાર અને નિયુક્ત કરેલા ઉચ્ચસ્તરીય અધિકારીઓ સમગ્ર ઘટના દબાવી દેવા રાત-દિવસ એક કરી રહ્યા છે અને ભૂલ કરતા પોલીસ અધિકારીઓ અને પોલીસતંત્રને છાવરવામાં આવતા હોવાનુ જણાવી પરિવારજનોને ન્યાય અપાવવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

પૂર્વ સાંસદ જગદીશ ઠાકોર અને અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર, ભીલોડાના ધારાસભ્ય અનિલ જોષીયાર, માલપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુરેન્દ્રસીંહ રાઠોડ, અરૂણ પટેલ, હિંમતસિંહ પરમાર, માલપુર તાલુકા પંચાયત પ્રમુખ ગબાભાઈ ખોખર, જીલાલ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુમિત્રાબેન ડામોર, કુવરબેન પ્રણામી, જિલ્લા પંચાયત સદસ્ય રેવાભાઈ ભાંભી સહિત જિલ્લા કોંગ્રેસ સમિતિના અગ્રણીઓ અને યુવા પાંખ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## હુમલાની આશંકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાયો નથી. પરંતુ ચોક્કસ કહેવામાં આવ્યું છે કે આતંકવાદી હુમલામાં સુસાઈડ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. આઈબી એલર્ટ બાદ ડીજીપી કાર્યાલયે જાહેર સ્થળોની સુરક્ષા વધારવાના નિર્દેશ આપ્યા છે. આ નિર્દેશોમાં શોપિંગ મોલ, સિનેમાઘર, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, અને ભીડવાળા વિસ્તારોમાં ખાસ એલર્ટ કહ્યું છે.

સૂત્રોનું કહેવું છે કે કાશ્મીરમાં આતંકીઓની વિરૂદ્ધ ભારતીય સેનાની કાર્યવાહીથી ગિન્નાયું છે. એવામાં કોઈ મોટી વારદાતને અંજામ આપી શકે છે. થોડાંક દિવસ પહેલાં હિઝબુક મુઝાહિદ્દીનના પૂર્વ કમાન્ડર અને હવે અલકાયદામાં સામેલ થઈ ચૂકેલ આતંકી ઝાકિર મૂસાએ ઓડિયો રજૂ કર્યો હતો. ઓડિયોમાં બિઝનૌરમાં એક મહિલાની સાથે ચાલતી ટ્રેનમાં થયેલ કથિત દુષ્કર્મ અને ગૌરક્ષાના નામ પર થઈ રહેલ ઘટનાનો ઉલ્લેખ કરતાં બદલો લેવાનો વાત કહી હતી.

કેન્દ્રીય ગુપ્તચર વિભાગની એજન્સીઓએ ઉત્તાર પ્રદેશ, હરિયાણા, દિલ્હી અને ગુજરાતમાં આતંકીઓ સ્યુસાઈડ બોમ્બથી હુમલો કરી શકે તેવી શકયતા સાથે ચેતવણી આપી દેશનાં અનેક રાજયમાં એલર્ટ જાહેર કર્યુ છે. આતંકીઓ સામે સુરક્ષાદળોની કડક કાર્યવાહીથી આતંકી જૂથો બોખલાઈ ગયાં છે અને હવે તેઓ ગમે ત્યારે યુપી સહિત દેશનાં અન્ય રાજયમાં હુમલા કરવાની ફિરાકમાં હોવાની ગુપ્તચર વિભાગે શંકા વ્યકત કરી દેશના સરહદી રાજયમાં એલર્ટ જાહેર કર્યુ છે.

આતંકી જૂથો તરફથી હુમલો કરવા માટે તેની ટીમમાં મહિલા અને પુરુષ એમ બંનેનો સાથ લીધો છે. તેથી આતંકીઓ હવે સ્યુસાઈડ બોમ્બથી ગમે ત્યારે આ રાજયમાં હુમલો કરી શકે તેમ છે. તેથી કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓએ યુપી અને અન્ય સરહદી રાજયમાં એલર્ટ જાહેર કરી પોલીસ અધિકારીઓને સતર્કતા દાખવવા ચેતવણી આપી છે.

## વધતી રાજનીતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ ખેડુતોના આંદોલનને લઈને વિડિયો સપાટી પર આવ્યા છે. ખેડુત આંદોલનને લઈને મંદસૌરમાં હાલમાં વ્યાપક હિંસા થઈ હતી. દરમિયાન કોંગ્રેસ નેતાઓ ખેડુતોના મુદ્દાને જોરદાર રીતે ચગાવવા માટે તૈયાર છે. કોંગ્રેસ પાર્ટી આ મુદ્દાને ઉઠાવીને ગ્રામીણ વિસ્તારમાં પોતાની પાર્ટીની છાપને સુધારી દેવા માટે મક્કમ છે. કોંગ્રેસ પાર્ટી અન્ય પાર્ટી સાથે મળીને આ મુદ્દાને વધારે ચગાવીને ખેડુતોની સાહનુભુતિ મેળવી લેવાના પ્રયાસ પણ કરી રહી છે. મહારાષ્ટ્રમાં આંદોલન બાદ કૃષિ લોન માફીની જાહેરાત કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ આંદોલન કરી રહેલા ખેડૂતોને મળવા નિકળેલા કોંગ્રેસી નેતા જ્યોતિરાદિત્ય સિંધિયાને પણ મંદસોરમાં પ્રવેશ કરતા પહેલા જ રોકી લેવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન તેમની સાથે મોટી સંખ્યામાં સમર્થકો હતો અને આ લોકોએ નારાબાજી કરી હતી. જ્યોતિરાદિત્ય સિંધિયાને સમજાવવાના પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ તેઓ માન્યા ન હતા જેથી પોલીસે તેમને કસ્ટડીમાં લઈ લીધા હતા. ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસ પાર્ટી ભાજપ ઉપર હુમલા કરવાની કોઈ તક છોડવા ઈચ્છુક નથી. ખેડૂતોને લઈને દેશભરમાં રાજનીતિનો દોર શરૂ થઈ ચુક્યો છે.

## બાકી કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે લાખોના ખર્ચે ફુટપાથની જાળવણીના અંતે પણ કામગીરીમાં ગુણવત્તા ન જળવાતા શહેરમાં ફુટપાથનુ નેટવર્ક કંગાળ સ્થિતિમાં જોવા મળી રહયુ છે. ફુટપાથની કામગીરી માટે માર્ગ મકાન વિભાગ દ્વારા રૂ ૯૦ લાખના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જેના અંતે શહેરમાં માર્ગ નં -૫ રેલવે ફાટક પાસે તેમજ સે-૩૦ પ્રેસ સર્કલ પાસે ફુટપાથની બાકી કામગીરી પુર્ણ કરવામાં આવશે. બીજીતરફ નગરના ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પાસે એકબાજુ ફુટપાથની કામગીરી હજુ અપુર્ણ છે. ત્યારે આ દરમિયાન લાંબા સમયથી બાકી આ કામ પણ પુર્ણ કરી દેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ઝાડાના કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા અડાલજમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. તંત્ર દ્વારા પેયજળના નમુના લઈ રેપીડ ટેસ્ટ પણ કલોરીનેશન અંગે કરવામાં આવ્યા હતા. જેમાં કલોરીનેશનના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

તંત્ર એ આજે નોંધાયેલ કેસ પૈકી ૩ જેટલા દર્દીના ઝાડાના નમુના મેળવી ચકાસણી માટે પણ મોકલી આપ્યા હોવાનું જાણવા મળેલ છે. તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે અને એકાદ દિવસમાં જ પૂર્વવત સ્થિતિ થઈ જશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ